જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૯/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૧૦/૧૭

આજથી આશરે વીસેક દિવસ અગાઉ એક ઇસમને ઓટોરીક્ષામાં બેસાડી તેની પાસેના મોબાઇલ ફોન તથા રોકડ રૂપિયાની લુંટ કરી માર મારી તે ઇસમને રામોલ જામફળવાળી કેનાલમાં નાંખી દઇ મોત નિપજાવેલ જે ગુનામાં સંડોવાયેલ એક ઇસમને લુંટમાં ગયેલ મોબાઇલ ફોન તથા ગુનામાં ઉપયોગમાં લીધેલ ઓટોરીક્ષાના મુદ્દામાલ સાથે પકડી પાડી ખુનના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

ગઇ તા.૧૮/૦૮/૨૦૧૭ ના રોજ રામોલ જામફળવાડી ગરનાળા પાસે મહાદેવ એસ્ટેટની પાછળ ખારીકટ કેનાલના વહેતા પાણીમાં પ્રવિણસિંહ ચાવડા રહે, સુરમ્ય હોમ્સ કોટેશ્વર રોડ મોટેરા ચાંદખેડા અમદાવાદ નાઓની લાશ મળી આવેલ. જેથી તેઓના પુત્ર દેવરાજસિંહ મહેન્દ્રસિંહ ચાવડા નાઓએ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતાં રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૦૬/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૦૨, ૨૦૧ મુજબનો ગુનો નોંધાયેલ. જે ગુનો શોધી કાઢવા સંયુક્ત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી નાઓએ સુચના આપેલ. જે અનુસંધાને પોસઇ શ્રી વીએચ.જાડેજા તથા પોસઇ શ્રી એમ.કે.ઝાલા નાઓએ તપાસ કરતાં આ ગુનામાં મરણજનારને કોઇ અજાણ્યા ઇસમે માર મારી તેની પાસેનો મોબાઇલ ફોન તથા રોકડા રૂપિયાની લુંટ કરી જામફળવાડી ગરનાળા પાસે મહાવેદવનગર એસ્ટેટની પાછળ ખારીકટ કેનાલમાં નાંખી દીધેલાની હકીકત જણાયેલ. જે ગુનામાં લુંટમાં ગયેલ મોબાઇલ ફોનનાં આઇ.એમ.ઇ.આઇ. નંબરોની માહીતી મેળવતાં તેમાં મોનં.૯૯૨૫૧૫૦૪૨૫ નુ સીમકાર્ડ વપરાયેલ જે સીમકાર્ડ ધારક ઇન્દ્રવદન નટવરલાલ પટેલની તપાસ કરતાં ઉપરોકત મોબાઇલ ફોન તેઓને તેઓની સાળી જીનલબેન રમેશભાઇ પટેલ નાઓએ આપેલ અને જીનલબેનની પુછપરછ કરતાં આ મોબાઇલ ફોન તેઓને નરેશ તથા હસમુખ ઉર્ફે બોબી નાઓએ રૂ૮૦૦૦/- માં આપેલાનું જણાવેલ પરંતુ તે મોબાઇલ ફોનનું બીલ ન હોય પાછો હસમુખ ઉર્ફે બોબીને પરત આપી દીધેલાની હકીકત જણાઇ આવેલ.

જેથી ઉપરોકત બંન્ને ઇસમોની તપાસમાં હતા દરમ્યાન સી.એમ.સી. કેનાલ પાસે સાથેના પો.કો. વિજેન્દ્ર ભંવરલાલ તથા પોકો. હીતેન્દ્ર શંકરલાલ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે, "રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૦૬/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૦૨, ૨૦૧ મુજબના કામમાં સંડોવાયેલ હસમુખ ઉર્ફે બોબીનો તેની ઓટોરીક્ષા નંબર જી.જે.૨૭.યુ.૬૨૮૫ ની લઇ ઓઢવ તરફથી આવી અત્રે થઇ સોનીની ચાલી તરફ જનાર છે" વિગેરે બાતમી હકીક્ત આધારે આરોપીઓને ઝડપી લેવા સારું વોચમાં

હતા. બાદ થોડીવારમાં ઓઢવ તરફથી ઉપરોકત નંબરની ઓટોરીક્ષા આવતી જણાતાં દુરથી ઇશારો કરી સાથેના પંચોને તેમજ સ્ટાફને એલર્ટ કરી ઉપરોકત નંબરવાળી ઓટોરીક્ષા નજીક આવવા દઇ સ્ટાફની મદદથી કોર્ડન કરી રોકી દીધેલ અને ઓટોરીક્ષાના ચાલકનું નામઠામ પુછતાં હસમુખ ઉર્ફે બોબી s/o કાળીદાસ અજાભાઇ પરમાર ઉવ.૨૮ ધંધો: રીક્ષા ડ્રાઇવીંગ રહે, બ્લોક નં.૪૧, શીવમ ફ્લેટ ચાર માળીયા, ઓઢવ, ગુરુદ્વારા આગળ, ઓઢવ ગામ, અમદાવાદ મુળ વતન ગામ:ખડાલ તા.દસક્રોઇ જી. અમદાવાદનો હોવાનું જણાવેલ. જેની અંગઝડતીમાંથી મોબાઇલ ફોન કિ.રૂ.૧૮૦૦૦/- તથા ઓટોરીક્ષાની કિ.રૂ.૬૦,૦૦૦/- ની ગણી મુદ્દામાલ સીઆર.પી.સી. ૧૦૨ મુજબ પંચનામા વિગતે કબજેકરેલ.

સદરી આરોપીની પુછપરછ કરતાં જણાવેલ કે, આજથી આશરે વીસેક દિવસ અગાઉ પોતે તથા પોતાના મિત્ર નરેશ અને મહેન્દ્ર ઉર્ફે કાલું નાઓ સાથે રાત્રીના સમયે ઉપરોકત ઓટોરીક્ષા લઇ સોનીની ચાલી ગયેલા ત્યાં એક માણસ ઉભેલ જણાતાં તેની પાસે રીક્ષા લઇ જઇ તેને અર્બુદાનગર ખાતે જવાનું હોય તેને રીક્ષામાં બેસાડી જામફળવાડી ગરનાળા પાસે મહાવેદવનગર એસ્ટેટની પાછળ ખારીકટ કેનાલ પાસે લાવી તેની પાસેનો ઉપરોકત વીવો કંપનીનો મોબાઇલ ફોન તથા તેનું પાકીટ માર મારી લુંટી લીધેલ અને તેને કેનાલની અંદર નાંખી દીધેલાની હોવાની હકીકત જણાવેલ. જેથી આ બાબતે રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૦૬/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૦૨, ૨૦૧ મુજબનો ગુનો નોંધાયેલહોય આરોપીને આજરોજ તા.૦૭/૦૯/૨૦૧૭ ના કલાક ૧૧/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરી તેમજ ઉપરોકત મુદ્દામાલ સીઆર.પી.સી. ૧૦૨ મુજબ પંચનામા વિગતે કબજે કરેલછે અને આગળની વધુ તપાસ અર્થે આરોપી તથા જરુરી કાગળો રામોલ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

આ આરોપી અગાઉ ઓઢવ પોલીસ સ્ટેશનમાં રાયોટીંગના ગુનામાં પકડાયેલ જે ગુનામાં આશરે ત્રણેક મહીનાસાબરમતી જેલમાં રહેલ હતો અને આરોપી મહેન્દ્ર ઉર્ફે કાલુ ઓઢવ પોલીસ સ્ટેશનના લુંટના ગુનામાંતા.૨૪/૦૮/૨૦૧૭ ના રોજથી સાબરમતી જેલમાં છે અને આરોપી નરેશ હાલમાં વોન્ટેડ છે જેની પકડવા માટેની કાર્યવાહી ચાલું છે

## <u>ગાયોની કતલ કરવાના ગુનામાં નાસતા ફરતા ઇસમને પકડી પાડતી</u>
## <u>અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપી પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી.ના પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એન.એન.રબારી નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પો.કો.જાહીદખાન મુનસફખાન તથા પો.કો. અનવરખાન પીરખાન નાઓએ આપેલ બાતમી હકીકત આધારે ઐયુબખાન ઉર્ફે ચાચુ s/o ઇબ્રાહીમખાન પઠાણ ઉવ.૪૮ ધંધો: મજુરી રહે, મ.નં.એ/૧૬, અલહમદો ફ્લેટ, અંબર ટાવર કેનાલ પાસે, ફતેવાડી, અમદાવાદ શહેર મુળ રહે ભોઇવાડા, રાવળ વાસની બાજુમાં, મહેમદાવાદ તા.મહેમદાવાદ જી.ખેડાને ઝડપી લેવામાં આવેલ. જેની પુછપરછ કરતાં જણાવેલ કે, આજથી એકાદ વર્ષ અગાઉ પોતે તથા યાસીન ઉર્ફે હલવો તથા બીજા માણસો વટવા મંથન ટેનામેન્ટની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં ગાયો કાપી માંસના ટુકડા કરી મારુતી ગાડીમાં ભરવા જતાં હતા તે વખતે પોલીસ

આવતા ભાગી ગયેલાની હકીકત જણાવેલ. જે બાબતે વટવા પો.સ્ટે.સે.ગુ.ર.નં.૩૪૩૧/૨૦૧૬ ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ૨૦૧૧ ની કલમ ૩,૫,૬(ખ) તથા બીપીએમસી એક્ટ કલમ ૩૩૫, ૩૩૬ વિગેરે મુજબનો ગુનોનોંધાયેલ હોય સદરી ઇસમને આજરોજ તા.૦૭/૦૯/૨૦૧૭ ના કલાક ૧૩/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી આગળની વધું કાર્યવાહી સારૂં વટવા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

આ આરોપી અગાઉ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ગાયોના કતલનાં ગુનામાં તેમજ વિસનગર પોલીસ સ્ટેશન તથા વટવા પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પકડાયેલ છે.

## નિકોલ પોલીસ સ્ટેશનઃ

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદશહેર તથા મે સંયુકત પો.કમીશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદશહેર તથા મે.નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદશહેર તથા મે. મદદનીશ પો.કમીશ્નર શ્રી "આઈ" ડીવીઝન નાઓએ સુચના આપેલ કે પ્રોહી ડ્રાઈવ તા.૧૨/૦૯ /૨૦૧૭ સુધી ની રાખેલ હોઈ જે દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તાર પ્રોહી ના કેસો શોધીકાઢી વધુ મા વધુ કેસો કરવા જે સુચના મુજબ અમો તથા નિકોલ પોલીસ સ્ટેશન ના સર્વે સ્કોડ ના પો.સ.ઈ. શ્રી તથા સ્ટાફ ના માણસોએ સંયુક્ત ચોક્કસ બાતમી હકીકત મેળવેલ કે એક સફેદ રંગની વોક્સવેગન વીન્ટો કાર નં. જી જે ૦૧ કે એમ ૧૩૭૬ ની નરોડા પાટીયા તરફથી અત્રે ઠક્કરનગર પુલ નીચે થઇ પસાર થનાર છે જે ગાડી માં વગર પાસ પરમીટે પરપ્રાંત નો દારૂ ભરેલ છે " વોક્સવેગન વીન્ટો કાર નં જી જે ૦૧ કે એમ ૧૩૭૬ સાથે બે ઈસમો (૧)નિમીષ ઉર્ફે લાલો રાજેંદ્રભાઇ જાતે પટેલ ઉ.વ. ૨૬ રહે બી/૮૬ ભગવતીનગર અશ્વમેઘ સ્કુલ ની સામે જુનારામોલ રોડ અમરાઇવાડી અમદાવાદ (૨)અરવીંદ ઉર્ફે અલ્લુ દાનાભાઇ સોલંકી ઉ.વ.૩૭ રહે ૩ કુવરબાનગર સત્તાધાર રોડ અમરાઇવાડી અમદાવાદ ને રોકી સદર વોક્સવેગન વીન્ટો કાર નં જી જે ૦૧ કે એમ ૧૩૭૬ મા તપસ કરતા તેમાથી અલગ અલગ બ્રાંડ ની પરપ્રાંત નો દારૂ બૉટલ નંગ-૧૫૬ તથા બીયર નંગ-૯૬ મળી કુલ-૧૭ પેટી જેની કિ.રૂ.૯૪૮૦૦ તથા વોક્સવેગન વીન્ટો કાર કિ.રૂ.૬૦૦૦૦૦/- તથા મોબાઈલ નંગ-૨ કિ.રૂ.૧૫૫૦૦/- જે તમામ મળી કુલ્લે કિ.રૂ.૭,૧૦,૩૦૦/- ની મત્તાના મુદ્દામાલ કબજે કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે

## વટવા પોલીસ સ્ટેશનઃ

આરોપણ બાઈને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**શરીર સબંધી**

મે. પોલીસ કમિશ્નરશ્રીના અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૫૯૨/૨૦૧૭ તા.૦૭/૦૯/૨૦૧૭ પાસા અટકાયતી નામે બતુલન ઉર્ફે બતન વા/ઓ ગુલામમોહમંદ નુરમોહંમદ જાતે-શેખ ઉવ.૪૦ રહે, બ્લોક નંબર ૬૦ મ.નં.૧૯૧૯ સદભાવનાનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ શરીર સબંધી ગુનાઓમાં આરોપણ બાઈ વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપણ બાઈને આજરોજ તા.૦૭/૦૯/૨૦૧૭ ના કલાક ૧૯/૪૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

**સુરક્ષા સેતુ રથ:**

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.